# ગુજરાતનો મહાસંગ્રામ 2012

## થ્રીડી ઈમેજથી મોદીનું સત્ય બહાર આવતું નથી : જીપીપી

### મુખ્યમંત્રી થ્રીડી ઈમેજ સભાઓ માટે ૪૫ મીનીટની પાંચ ઈવેન્ટના રૂપિયા ૫૪ કરોડ ખર્ચાશે : ગોરધન ઝડફિયા

અમદાવાદ, તા. ૧૮

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી છેલ્લા ૧૨ વર્ષથી આભાસી ઈમેજ ગુજરાતની પ્રજાને બતાવી રહ્યા છે અને તે માટે મેળાવડાઓ, ઉત્સવો અને હકીકત ન હોય તેવી જાહેરાતો કરીને પોતાની છબી નકલી ઢબે બતાવી જ રહ્યા છે. તેના જ પરિણામે ૨૦૦૮માં નર્મદાનાનીર ૧૮ લાખ હેક્ટરમાં પહોંચાડવાના વાયદાઓ ખોટા પડ્યા. કલ્પસર યોજનાને અભરાઈએ ચડાવી દીધી. ખેડૂતો આત્મહત્યા કરવા લાગ્યા અને ગરીબ પિસાયો, નોકરીયાતોનું શોષણ થયું અને ગુજરાતમાં એક લાખ કરોડનો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો પરંતુ પોતાની થ્રીડી ઈમેજથી સત્ય બહાર ન આવ્યું ગુજરાત એક લાખ કરોડના દેવામાં ડૂબી ગયુ છે. તેમ ગુજરાત પરિવર્તન પાર્ટીના ગોરધન ઝડફિયાએ જણાવ્યું હતું.

આજે ચાર મહાનગરોમાં ભાજપ દ્વારા થ્રીડી ઈમેજથી નરેન્દ્રભાઈ મોદીની સભાઓ યોજાવાની છે. તેના ખર્ચ માટેની સિલસિલાબંધ વિગતો આપતા ઝડફિયાએ કહ્યુ હતુ કે પંડિત દિનદયાળજીની સાદગીવાળો ભાજપ ગુજરાતના વેપારીઓ તથા નાના મોટા ધંધાવલાઓ પાસેથી રૂપિયા ૫૦૦ કરોડની ખંડણી ઉખરાવે છે. ઘાક ધમકીથી ડોન દાઉદની જેમ ખંડણી ઉઘરાવે અને તે વાપરવા માટેનો નુસ્ખો એટલે થ્રીડી ઈમેજની સભાઓ. એક યુરોપીયન કંપની સાથે મોદીએ કરેલા કરારમાં ૪૫ મિનીટની પાંચ ઈવેન્ટ માટે એક મિલિયન અમેરિકન ડોલર એટલે કે ૫૪ કરોડ ખર્ચશે એટલે એક મિનીટના ૧.૨૫ કરોડનો ધૂમાડો કરશે અને તેના લાઈવ ટ્રાન્સમીશન માટેનો પાંચ સ્થળોનો ૫૦૦૦૦ અમેરિકન ડોલર એટલે કે ૬૦ કરોડ ખર્ચ થશે. આવા પાંચ વખત મોદીજીની થ્રીડી દ્વારા સભાઓ થાય તો ૫૨૦ કરોડ થશે. ઝડફિયાએ આ અંગે આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે જો આ રકમ આત્મહત્યા કરનારા ખેડૂતોના પરિવારને આપી હોત તો ૬૫૦૦ ખેડૂત પરિવારનો જીવન નિર્વાહ થાત. ૨૫૦૦૦ બહેનો દર વર્ષે કુપોષણથી પ્રસુતિ સમયે મૃત્યુ પામે છે. ૧૦૦૦૦ બાલકો માના પેટમાં કુપોષણથી મરી જાય ચે તેનેજીવાડી શકાયા હોત.

## કોંગ્રેસે દક્ષિણ ગુજરાતની ૯૩ ટકા ગૌચર જમીનો ઉદ્યોગોને આપી હતી

### મુખ્યમંત્રીની ચૂંટણી સભામાં કોંગ્રેસ પર પ્રહારો : થ્રીડી હોલોગ્રામના માધ્યમથી ચાર મહાનગરોમાં એક સાથે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ચૂંટણી સભા યોજવામાં આવી

અમદાવાદ, તા. ૧૮

રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સાંજે અમદાવાદ, સુરત, વડોદરા, અને રાજકોટમાં એકી સાથે થ્રીડી હોલોગ્રામ ટેકનોલોજીના માધ્યમથી ચૂંટણી સભાઓને સંબોધી હતી. મુખ્યમંત્રીએ કેન્દ્ર સરકાર અને કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે કોંગ્રેસ વોટબેન્કની રાજનીતિ કરીને જુઠ્ઠાણાઓની ભરમાર ચલાવી રહી છે. હું ગુજરાતની સેવા કરી રહ્યો છું. ગુજરાતની પ્રજા રામ છે અને હું વાનરરૂપી હનુમાન છું.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ શિવસેનાના સુપ્રીમો બાલ સાહેબ ઠાકરેના નિધન અંગે બે મીનીટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપ્યા બાદ પ્રવચનો પ્રારંભ કરતા કહ્યુ હતું કે, દુનિયાને ગુજરાતે બતાવી દીધું છે કે અમે આધુનિક ટેકનોલોજીના ઉપયોગમાં અગ્રણી હરોળમાં છીએ. દુનિયામાં પ્રતમવાર જ થ્રીડી હોલોગ્રામ ટેકનોલોજીના માધ્યમથી ચૂંટણી પ્રચાર થઈ રહ્યો છે. આ શ્રેય ગુજરાતની ધરતીને જાય છે. રાજકીય સ્થિરતાને કારણે ગુજરાતનો સર્વાંગી વિકાસ થયો છે. આપના આર્શીવાદની જરૂર છે. સેવા કરવાનો ફરીવાર અવસર આપો મારે વિકાસની વાતો નતી કરવી. ગુજરાતનો વિકાસ તમે જોયો છે, અનુભવ્યો છે. મુખ્યમંત્રીએ કોંગ્રેસ પર પ્રહારો કરતાં કહ્યું હતું કે, કોંગ્રેસ ગૌચરની જમીનો વેચી દીધાના જુઠ્ઠાણા ફેલાવે છે. પણ કોંગ્રેસના તત્કાલીન શાસનમાં તેમણે શું પાપ કર્યા છે એ મારે કહેવું છે.

કોંગ્રેસ દક્ષિણ ગુજરાતની લીલીછમ ગણાતી ૯૩ ટકા ગૌચરની જમીનો ઉદ્યોગને પધરાવી દીધી હતી પણ મારી સરકારે ખરાખાની ગણાતી માત્ર ચાર ટકા જ જમીનો ઉદ્યોગોને આપી છે. કોંગ્રેસ એવા જુઠ્ઠાણા ફેલાવે છે કે ગુજરાતમાં શિક્ષણ મોંઘુ છે. પણ હકીકત એ છે કે આખા હિન્દુસ્તાનમાં ગુજરાતમાં શિક્ષણ સૌથી સસ્તુ છે. મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં ગુજરાત કરતા ઈજનેરી કોલેજોમાં ફીનું ધોરણ વધુ છે. કોંગ્રેસ પ્રજા સાથે છેતરપિંડી કરી રહી છે અને પ્રજાને મુરખ બનાવે છે. કોંગ્રેસે ૨૦૦૪ અને ૨૦૦૯ની લોકસભાની ચૂંટણીમાં મોંઘવારી ઘટાડવાનું લેખિત વચન આપ્યુ હતું કે ૧૦૦ દિવસમાં મોંઘવારી દૂર કરીશું. મોંઘવારી વધે છે એનો કોંગ્રેસને અફસોસ પણ નથી. કોંગ્રેસ ગુજરાતને લૂંટવા માંગે છે. આપણે ગુજરાતને લૂંટવા નથી દેવું. એવા લોકોને શાસન નથી સોંપવું જે ગુજરાતને બરબાદ કરવા માંગે છે.

મુખ્યમંત્રીએ કહ્યુ હતું કે, ભારત સરકારના અહેવાલમાં જણાવાયું છે કે ગુજરાત રોજગારી આપવામાં પ્રથમક્રમે છે. ગુજરાતમાં બધા જ રાજ્યના લોકોને રોજગારી મળે છે. અમે ત્રણ લાખ યુવાનોને સરકારી નોકરીઓ આપી છે. અમે સખી મંડળોનું અભિયાન ચલાવ્યું અને બહેનોના હાથમાં ૫૬૦૦ કરોડ જેટલી માતબાર રકમ આપી. ગુજરાતમાં ૨૦ લાખ કુટુંબોને પાઈપલાઈનથી ગેસ આપવાની યોજના હતી. કેન્દ્ર સરકારની નીતિના લીધે માત્ર પાંચ લાખ કુટુંબોને જ ગેસ જોડાણ આપી શકાયા છે. કેન્દ્ર સરકારે કહ્યુ કે પાઈપલાઈનનો અધિકાર અમારો છે. એટલે પાઈપલાઈન જોડાણથી ગેસ આપવાની યોજના અટકી પડી છે. શું ગુજરાતનો આંધળો વિરોધ જ કરવાનો ?કોંગ્રેસના રાજ્યોમાં વધુ ત્રણ ગેસના સિલિન્ડર પર સબસિડી આપવાની જાહેરાત કરી પણ એનો અમલ હજુ પણ કરાયો નથી.

## એનસીપીએ ૨૫ બેઠકોનો આગ્રહ રાખતાં કોંગ્રેસ સાથે મડાગાંઠ

અમદાવાદ, તા. ૧૮

ગુજરાત વિધાનસભાની બે તબક્કે યોજાનારી ચૂંટણીનં પ્રથમ તબક્કાનું જાહેરનામું પ્રસિદ્ધ થયા સાથે ઉમેદવારી પત્રો ભરવાનો પ્રારંભ થયો છે. ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ ૨૪મી નવેમ્બર છે. કોંગ્રેસ દ્વારા પ્રથમ તબક્કાની ચૂંટણીના ઉમેદવારોનું લીસ્ટ લગભગ ફાઈનલ કરી દીધુ છે પણ એનસીપીને કેટલી બેઠકો આપવી તે પ્રશ્ને મડાગાંઠ સર્જાઈ છે. કોંગ્રેસ એનસીપીને ૧૦થી વધુ બેઠકો આપવામાંગતી નથી અને આ સમજૂતિ એનસીપીને મંજૂરી નહી હોવાનું સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

આધારભૂત સૂત્રોથી જાણવા મળ્યા મુજબ કોંગ્રેસની સ્ક્રીનીંગ કમિટીએ પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારોનું લીસ્ટ ફાઈનલ કરી દીધુ છે. પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા અને વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલની હાજરીમાં જ યોજાયેલી બેઠકમાં પેનલોના નામોમાં ફેરફાર કરવામાં આવ્યા હતા.

કેટલીક બેઠકો પર ઉમેદવારોએ પ્રેસર ટેકનીક અજમાવી હોવાથી આ મુદ્દે પ્રદેશ નેતાગીરીને ઠપકો પણ આપવામાં આવ્યો હતો. દિલ્હીમાં સ્ક્રીનીંગ કમિટીની બીજીવારની યોજાયેલી બેઠકમાં એનસીપીના અગ્રણી કેન્દ્રિયમંત્રી પ્રફુલ્લ પટેલે પણ હાજરી આપી હતી. પરંતુ બેઠક ફળદાયી રહી ન હતી. એનસીપીએ ૨૫ બેઠકોનો આગ્રહ રાખ્યો હતો. એટલું જ નહીં ૨૫ બેઠકોનું લીસ્ટ પણ આપ્યું હતુ. જેમાં કેટલીક બેઠકો કોંગ્રેસનો ગઢ ગણાય એ વિસ્તારોની છે. કોંગ્રેસે ૧૦થી વધુ બેઠકો આપવાની ઘસીને ના પાડી દેતા એક તબક્કે એનસીપીના નેતાઓ બેઠક છોડીને બહાર નીકળી ગયા હતા.

## દેશના વિકાસનો રાજમાર્ગ કંડારવામાં કૃષિ જગત - કૃષિ મહોત્સવનો સિંહફાળો

અમદાવાદ, તા. ૧૮

પ્રદેશ ભાજપના પ્રવક્તા આઈકે જાડેજા અને મનસુખભાઈ માંડવીયાએ આજે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે દેશના વિકાસનો રાજમાર્ગ ગુજરાતમાંથી પસાર થાય છે અને આ રાજમાર્ગ કંડારવામાં કૃષિ જગતે - કૃષિ મહોત્સવે અને ગુજરાતની હરિયાલી ક્રાંતીએ સિંહફાળો આપ્યો છે. ઋષિ સંસ્કૃતિ અને કૃષિ સંસ્કૃતિના સંયુક્ત પરીમાણ દ્વારા વૈજ્ઞાનિક અભિગમ દ્વારા અક્ષય તૃતિયથી લઈને સતત એક મહિનો ગામડે ગામડે ઘુમીને મુખ્યમંત્રીથી લઈને ઉચ્ચ અધિકારીઓ સ્થળ ઉપર હાજર રહીને કૃષિ વિકાસને નવી દિશા આપી છે એમ જણાવીને ઉમેરેલ હતું કે દેશની બીજી હરિયાળી ક્રાંતિની પહેલ ગુજરાતે કરી છે. જેનું નેતૃત્વ ગુજરાત કરી રહ્યુ છે. તેમણે વધુમાં જણાવ્યં હતું કે છેલ્લા દશ વર્ષથી ઉજવવામાં આવતા કૃષિ મહોત્સવના પરિણામે ૧૦ વર્ષ પહેલા ૧૦૮ લાખ હેક્ટર વાવેતર વિસ્તાર હતો જે આજે વધીને ૧૪૫ લાખ હેક્ટર વિસ્તાર થયો છે. રાજ્ય સરકારનો કૃષિ વિકાસ દર જે વર્ષ ૧૯૯૧થી ૨૦૦૦ના દાયકામાં માત્ર બેટકા નકારાત્મક હતો જે આજે ૨૦૦૦ થી ૨૦૧૧ સુધીમાં ૧૧ ટકા જેટલો થયો છે.

### શંકરસિંહની જીત : કેશુભાઇને ગાદી છોડાવી અને નરેન્દ્ર મોદીને દિલ્હી ખસેડ્યા

## સંજોગોએ સુરેશચંદ્ર મહેતાને મુખ્યમંત્રી બનાવ્યા પણ...

### ભાજપના ટોચના નેતાઓ સાથે શંકરસિંહે સમાધાન કરી લેતાં ભાજપની કેશુભાઈની -થમ સરકાર બચી ગઈ હતી.

શંકરસિંહને એમ હતું કે તેમના પક્ષને સત્તાસ્થાને આવવા પુરતી બેઠકો આવશે પણ તેમની એ આશા ઠગારી નિવડી હતી. માર્ચ-૧૯૯૮ની સામાન્ય ચૂંટણીમાં ભાજપે ફરીથી જંગી બહુમતી મેળવતાં કેશુભાઈએ ૪થી માર્ચ-૧૯૯૮ના રોજ બીજીવખત રાજયના મુખ્યમંત્રી તરીકે સોગંદ લીધા હતા.

આ વિધાનસભામાં ભાજપના ૧૧૭, કોંગ્રેસના ૫૩, રાજપાના ૪, જનતાદળના ૪, સમાજવાદી પક્ષના ૧ તથા ૩ અપક્ષ સભ્યો ચૂંટાયા હતા. તા.૪-૩-૧૯૯૮ના રોજ કેશુભાઈ પટેલની મુખ્યમંત્રી પદે સોગંદવિધિ થઈ હતી. તેમના મંત્રીમંડળમાં ૧૦ કેબિનેટમંત્રી, ૧૨ રાજયકક્ષાના મંત્રી અને ૪ નાયબ મંત્રી હતા.

એ પછી મંત્રીમંડળનું ૧૫મી મે-૧૯૯૯ના રોજ વિસ્તરણ થતાં ૧૩ કેબિનેટમંત્રીઓ, ૨૦ રાજયકક્ષાના મંત્રીઓ અને પાંચ નાયબ મંત્રીઓનું મંત્રીમંડળ બન્યું હતું. આ શાસનમાં અપક્ષ સભ્ય એવાં ઉપેન્દ્ર ત્રિવેદી ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા. મુખ્ય વિરોધ પક્ષના બદલે અપક્ષ સભ્યની ઉપાધ્યક્ષ તરીકે વરણી થવાની ગુજરાતમાં ત્રીજી ઘટના નોંધાઈ હતી. વિરોધપક્ષના નેતા તરીકે ફરીથી અમરસંહિ ચૌધરી નિમાયા હતા.

આ વિધાનસભાના સમયગાળામાં રાજયના મંત્રીમંડળના બે સભ્યોના અવસાન થયા હતા. એક મંત્રીએ કોર્ટ કેસના કારણે રાજીનામું આપ્યું હતું તથા એક મંત્રી સાથે મુખ્યમંત્રીને મતભેદ થતાં તેમનું રાજીનામું માગી લેવામાં આવ્યું હતું. કેશુભાઈ પટેલે બીજી વખત મુખ્યમંત્રી બન્યા બાદ ઘણાં અગત્યના પગલાંઓ ભર્યા હતા.

નર્મદા યોજના અંગે સુપ્રિમ કોર્ટમાં ચાલતા કેસમાં તેમની સરકારની અસરકારક રજૂઆતથી સુપ્રિમ કોર્ટે ગુજરાત રાજયની તરફેણમાં ચુકાદો આપી નર્મદા ટ્રીબ્યુનલે સૂચવેલ બંધની ઉંચાઈ માન્ય રાખી અને ૮૫ મીટરની બંધની ઉંચાઈ વધારી ૯૦ મીટર સુધી ઉંચાઈ વધારવાના કાર્યને મંજૂરી આપી હતી. તેમની સરકારે ૧૫ હજાર ચેકડેમો બાંધી તથા ૨૫ ટકા લોકફાળાથી ૧૦ હજાર જૂના તળાવો ખોદવાની સફળ કામગીરી બજાવી હતી.

કેશુભાઈ પટેલની સરકારે સૌરાષ્ટ્રમાં પાણીની તંગીવાળા શહેરો અને ગામો માટે મહી પરીએજ તથા કોતરપુર યોજના બનાવી પાઈપલાઈન માટે પાણી પુરું પાડવાની મહત્વાકાંક્ષી યોજના ખૂબ જ થોડા સમયમાં પુરી કરી રાજકોટ, અમરેલી, ધંધુકા, સુરેન્દ્રનગર, ગોંડલ વગેરે ગામોને પાણી પહોંચાડવાની ભગીરથ કામગીરી કરી હતી. તેમણે અમદાવાદ તથા વડોદરા જેવા શહેરોને પણ રાસ્કાવીયર પાઈપલાઈન દ્વારા પણી પહોંચાડ્યાં છે. એ ઉપરાંત ખેડૂતોના હક્કપત્રો, ગામોના પાકા રસ્તાથી જોડવાની કાર્યવાહી, એગ્રો વિઝન-૨૦૧૦ દ્વારા કૃષિક્ષેત્રની નવતર દિશા તથા ઈન્ફર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે ગુજરાતને મોખરાનું સ્થાન અપાવી ઈન્ફોસિટી તેમજ સાયન્સ સીટીની પણ સ્થાપના કરી હતી. નાગરિકોને અધિકારપત્રો, ઓક્ટ્રોય નાબુદી, તંદુરસ્ત માતા અભિયાન, ગરીબોને વીજળીમાં ૨૫ ટકા રાહત વગેરે લોકહિતના પગલાં લીધા છે.

રાજયમાં બે સતત દુષ્કાળો તથા કચ્છમાં વાવાઝોડું અને રાજયમાં વિનાશક ભૂકંપની અસાધારણ પરિસ્થિતિને પણ પહોંચી વળવા પગલાં લીધા હતા. જો કે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીમાં ભાજપની હાર થતાં નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીથી દોરીસંચાર કરીને ચારેબાજુથી સપડાયેલી કેશુભાઈની સરકારને હાઈકમાન્ડના ઈશારે ૨૦૦૧ના સપ્ટેમ્બર મહિનામાં ઉથલાવી દીધી હતી.

કેશુભાઈના સમયમાં મહાનગરો અને સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં પાર્ટીની ભૂંડી હાર, ૨૦૦૧ના વિનાશક ભૂકંપની નબળી કામગીરી અને અમદાવાદની માધુપુરા બેન્કનું કોંભાંડ એ ત્રણ મુદ્દાઓ નરેન્દ્ર મોદીને હાથ લાગ્યા હતા અને તેના ઉપર ધ્યાન કેન્દ્રીય કરી તેમણે હાઈકમાન્ડની કાનભંભેરણી કરી હતી. કેશુભાઈએ ગુજરાતમાં ૧૫૬૨ દિવસનું શાસન કર્યું છે. બે વખત મુખ્યમંત્રી બનવા છતાં તેઓ પાર્ટીના નેતાઓના અસંતોષના કારણે પાંચ વર્ષ પુરાં કરી શક્યા નથી.

કેશુભાઈને જયારે અડવાણીએ ખસેડ્યા ત્યારે બે દિવસ તો નવી દિલ્હીમાં બેસાડી રાખ્યા હતા. કેશુભાઈએ તે વખતે મિડિયા પરસનને એવું કહેલું કેઁ પહેલાં તો અડવાણીએ મને કહ્યું હતું કે તમને હટાવવામાં નહી આવે, પછી અચાનક મને આદેશ કરવામાં આવ્યો. હાઈકમાન્ડે મને હટાવ્યો તેની સામે વાંધો નથી પણ જે રીતે અપમાનજનક સ્થિતિમાં મને મૂક્યો તેનું મને ભારોભાર દુઃખ છે.

શંકરસંહિનો મનસૂબો હતો કે પોતે મુખ્યમંત્રી બને પરંતું હાઈકમાન્ડે તેમને તે તક આપી નહી. જો કે શંકરસિંહની બે બાબતોમાં જીત થઈ જેમાં એક તો કેશુભાઈને સ્ટેપડાઉન કરાવવામાં તેમને સફળતા મળી અને બીજી ગુજરાતમાંથી નરેન્દ્ર મોદીની વિદાય... કેશુભાઈને ૨૦મી ઓક્ટોબર-૧૯૯૫ના રોજ રાજીનામું આપવું પડ્યું હતું. હાઈકમાન્ડે કેશુભાઈને ખુશ રાખવા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષનું પદ આપ્યું હતું પણ તેમાં તેમને કોઈ રસ ન હતો.

ભાજપના રાષ્ટ્રીય નેતાઓ મુખ્યમંત્રીપદ માટે નામની પસંદગી કરતા હતા ત્યારે પણ શંકરસિંહ વાઘેલા -થમ દાવેદાર હતા પરંતું હાઈકમાન્ડે એક ઝાટકે તેમને મુખ્યમંત્રી બનાવવાનો ઈન્કાર કરી દીધો હતો. તો પછી કોણ...?!! પાર્ટીમાં એક અવાજ ઉઠ્યો કે વિધાનસભા પક્ષમાંથી પસંદગી થવી જોઈએ.

ભાજપના રાષ્ટ્રીય -મુખ લાલકૃષ્ણ અડવાણીની ઈચ્છા એ વખતે કેશુભાઈને હટાવવાની ન હતી, પણ સંજોગોએ તેમની ઈચ્છા માની નહી.

**ગુજરાતની ભૂમિના રાજા**

**- ગૌતમ પુરોહિત**

તેઓએ મંત્રીમંડળમાં ત્રીજા નંબરનું સ્થાન ધરાવતાં અશોક ભટ્ટની પસંદગી કરી તેમના નામને વહેતું કરવામાં આવ્યું. સુરેશ મહેતા કહે છે કે અશોક ભટ્ટ એ અડવાણીની પંસદ હતી પરંતું મારા માટે કેશુભાઈ શરૂઆતથી આગ્રહી હતા. તેમણે મારા માટે -યાસ જારી રાખ્યો... અંતે અટલ બિહારી વાજપેયીએ એવું કહ્યું કે કેશુભાઈની ઈચ્છા છે તો આપણે સુરેશ મહેતાને મુખ્યમંત્રી બનાવીએ...!! શરૂઆતમાં વિરોધ થયો પાછળથી આ નામ ફાઈલન થઈ ગયું...!!

કેશુભાઈ પટેલની સરકારે રાજીનામું આપતાં ૨૧મી ઓક્ટોબર-૧૯૯૫ના રોજ સુરેશચંદ્ર રૂપશંકર મહેતા ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા. તેઓ પણ ખૂબ જ ટૂંકા ૩૩૪ દિવસ માટે મુખ્યમંત્રીપદ ભોગવી શક્યા છે. તેઓ પાંચમી, સાતમી, આઠમી, નવમી અને દસમી વિધાનસભાના સભ્ય હતા. ચીમનભાઈ પટેલની સરકારમાં તેઓ ઉદ્યોગમંત્રી તથા કેશુભાઈ પટેલની સરકારમાં તેઓ -થમ નાણામંત્રી હતા. કચ્છી માંડુ તરીકે સુરેશ મહેતા પહેલવહેલા નસીબદાર છે.

વિધાનસભાના માજી સેક્રેટરી સ્વ. વિનોદ દવે લખે છે કે ટૂંકા સમયગાળા દરમિયાન તેમની સરકારે આદિવાસી કોલેજમાં ભણતી બાળાઓને મફત સાઈકલ આપવાની સરસ્વતી સાધના નામની યોજનાનો અમલ કર્યો હતો તેમજ ઘણાં વર્ષોથી બંધ કાપડ મિલોના કામદારોના ચડત લેણાં અંગે કેન્દ્ર સરકાર સાથે વાટાઘાટો કરી તેમના માટે વળતર માટેની રીન્યુઅલ ફંડ યોજના તૈયાર કરી તેનો અમલ કરી મિલોના સેંકડો કામદારોને નોકરીના નિવૃત્તિના નાણાંકીય લાભો અપાવ્યા હતા. સુરેશચંદ્ર મહેતાની અભ્યાસુ તથા કુશળ મંત્રી હોવાની છાપ ઉપસી છે. કચ્છ વિસ્તારમાંથી ચૂંટાયેલા સભ્યો પૈકી તેઓ -થમ મુખ્યમંત્રી બન્યા હતા.

સુરેશ મહેતાની પસંદગી સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં આશ્ચર્યકારક હતી પણ આઘાતજનક ન હતી. શંકરસંહિ અને તેમના ટેકેદારોને સમજાવવા અને સુરેશ મહેતાના સ્વિકારવા ભારે જહેમત ઉઠાવી લેવી પડી હતી. કાશીરામ રાણાનું નામ પણ ઉછળ્યું હતું પણ તેઓ કડવો ઘૂંટડો ગળી ગયા હતા. તંગ પરિસ્થિતિમાંથી ભાજપ પસાર થયું પણ સદભાગ્યે સરકાર બચી ગઈ તેનો આનંદ હતો, જો કે આ આનંદ લાંબો ન ટક્યો. દસ મહિનાના શાસનમાં સુરેશ મહેતાને આકરા પાણીએ વહીવટ કરવો પડ્યો, ભાજપના અસંતુષ્ટો કે જેમને સત્તાનો સ્વાદ ન મળ્યો તેઓએ સરકારમાં ડખલગીરી ચાલુ રાખી. અને... એક દિવસ આવ્યો.. ૨૦મી મે-૧૯૯૬.

અમદાવાદમાં સ્ટેડિયમની જાહેરસભા... લોકસભામાં ગાંધીનગરથી જીતેલા વાજપેયીનું અભિવાદન ભાષણ અને સુરેશ મહેતા મુખ્યમંત્રી...!! વાજપેયીનું ભાષણ પુરું થયા પછી ભાજપના આંતરિક કલહને સપાટી પર લાવવાનું કામ બંન્ને જૂથોએ કર્યું હતું. શંકરસંહિના સાથીદારો દત્તાજી ચિરંદાસ પર ભાજપનું કટ્ટરવાદી ટોળું તૂટી પડ્યું. દત્તાજી જીવ બચાવવા એમટીએસની બસમાં ભરાઈ ગયા પણ ટોળાંએ તેમને છોડ્યા નહી. તેઓને જીવતા સળગાવી દેવાનો કારસો ઘડાયો હતો. બીજી તરફ આત્મારામ પટેલની ધોતી ખેંચવામાં આવી.

દિલીપ પરીખને ટપલી દાવ કરવામાં આવ્યો. ખજૂરિયા -ધાનો અને ધારાસભ્યોને સ્ટેડિયમમાં માર પડ્યો. આ ઘટનાની તીવ્ર આલોચના સુરેશ મહેતાએ કરી હતી. તેમના શબ્દો હતા કેઁ આ મારૂં ભાજપ નથી. મારા મંત્રીમંડળના સભ્યો અને ધારાસભ્યોને માર પડે, તેમને અપમાનિત કરવા એ ભાજપનું કલ્ચર નથી. હું આ ઘટનાની હાઈકમાન્ડને ફરિયાદ કરીશઁ. તેમણે એરપોર્ટ ઉપર વાજપેયીનું ધ્યાન દોર્યું હતું અને જવાબદારો સામે પગલાં લેવાની ખાત્રી મેળવી લીધી હતી. જો કે ભાજપે આ ઘટનાને સિફતપૂર્વક દબાવી દીધી પણ પાર્ટીમાં ભારેલો અગ્નિ વધારે -જ્વલિત થઈ બહાર આવ્યો અને સુરેશ મહેતા સામે પણ કાઉન્ટ ડાઉન શરૂ થયું...!! તેમાં લોકસભાની ચૂંટણીમાં પાર્ટી શુદ્ધિકરણના નામે શંકરસંહિને હરાવવા માટે વીએચપીના સંતોએ હથિયાર ઉપાડ્યું. ભાજપે જ ભાજપના ઉમેદવારને હરાવ્યો અને તેનાથી શંકરસંહિ ખિન્ન થયાં.

કેશુભાઈ પટેલની સરકાર સામે થયેલા બળવાનું પુનરાવર્તન સુરેશ મહેતાની સરકારમાં પણ થયું. પદ્ધતિ જરા જુદી હતી. કારણો પણ અલગ હતા.

શંકરસંહિ વાઘેલાએ ફરીથી બળવો કરી ૪૭ ધારાસભ્યો પોતાની પાસે હોવાનો દાવો કરતાં વિપક્ષ કોંગ્રેસે સ્ટેટેજીના ભાગરૂપે વિધાનસભામાં અવિશ્વાસનો -સ્તાવ મૂકી દીધો હતો. આ -સ્તાવ પર મત લેવાના સમય સમયે જ ગુજરાતના રાજયપાલના રિપોર્ટના આધારે ૧૯મી સપ્ટેમ્બર-૧૯૯૬ના રોજ વિધાનસભાને સુષુઝાવસ્થામાં મુકી રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવતાં તેમની સરકારનો અંત આવ્યો હતો. આ ઘટનાના સાક્ષી વિનોદ દવે નોંધે છે કેઁ વિધાનસભામાં બહુમતિ -ાઝ કરી હોવા છતાં સરકારનું પતન થાય તેવી આ ઐતિહાસિક વિરલ ઘટના હતી. (ક્રમશઃ)